


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૨૪ | ૨૩ ઓક્ટોબર, ૨૦૧૮, મંગળવાર; આસો સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દિલ્હીમાં પેટ્રોલ પંપો બંધ

ઓટો અને ટેક્સી યુનિયનની હડતાલની સાથે સાથે દિલ્હીમાં પેટ્રોલ પંપો પણ બંધ રહ્યા છે. પેટ્રોલ પંપો બંધ થવાના કારણે દિલ્હીવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે. હડતાલ ભાજપ પ્રેરિત હોવાનો આક્ષેપ મુખ્યમંત્રી કેજરીવાલે કર્યો છે.

### મોદી સરકારને હવે મિત્રોની જરૂર નથી : શિવસેના

એનડીએના સહયોગી દળ શિવસેનાએ ફરી એકવાર મોદી સરકાર પર હુમલો કર્યો છે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ એક રેલીમાં જણાવ્યુ છે કે મોદી સરકારને હવે મિત્રો અને સહયોગીઓની જરૂર નથી. શિવસેનાએ હવે ભવિષ્યમાં થનાર ચૂંટણીઓ એકલા હાથે જ લડવાનો નિર્ધાર કર્યો છે.

### તાઈવાનમાં મોટો રેલ અકસ્માત

તાઈવાનના લોકપ્રિય તટીય રેલમાર્ગ પર એક એક્સપ્રેસ ટ્રેન પાટા પરથી ખડી પડી હતી. આ અકસ્માતમાં ૨૨ લોકોના મૃત્યુ નિપજ્યા છે, જ્યારે ૧૩૨ લોકો ઘાયલ થયા છે.

### હિમાચલ પ્રદેશમાં ભૂકંપના ઝટકા

હિમાચલ પ્રદેશમાં આજે સવારે ભૂકંપના ઝટકા અનુભવાયા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૦ માપવામાં આવી. ભૂકંપના ઝટકા કિન્નોરમાં સવારે ૯.૧૧ કલાકે અનુભવાયા. આ ભૂકંપમાં અત્યાર સુધી કોઈ પણ પ્રકારનું જાનમાલને નુકસાન થવાના સમાચાર આવ્યા નથી.

# સીબીઆઈમાં ઘમસાણથી પ્રતિષ્ઠા ખરડાઈ

**સીબીઆઈમાં ટોપ અધિકારીઓ વચ્ચે ખેંચતાણથી પ્રતિષ્ઠાને ફટકો : પીએમઓ લાલઘુમ : સ્થિતિ ઉપર બાજ નજર : ટોપ અધિકારી એક બીજા સામે જે રીતે આક્ષેપ કરી રહ્યા છે તેનાથી ખોટો સંદેશ જઈ રહ્યો હોવાનો પીએમઓનો અભિપ્રાય : સીબીઆઈ પર નવું સંકટ**




નવી દિલ્હી, તા. ૨૨

દેશની સૌથી મોટી તપાસ સંસ્થા સીબીઆઈમાં ટોચના અધિકારીઓ પર ભ્રષ્ટાચારના આરોપ અને ખેંચતાણના અહેવાલોથી પીએમઓ ભારે લાલઘુમ છે. સીબીઆઈમાં ઘમસાણના પરિણામ સ્વરૂપે પીએમઓ દ્વારા હવે ચાંપતી નજર કેન્દ્રિત કરાઈ છે. સ્પેશિયલ ડિરેકટર રાકેશ અસ્થાના પર એફઆઈઆર અને સામ સામે આક્ષેપોના લીધે ખળભળાટ મચી ગયો છે. સરકારનું માનવું છે કે જે રીતે ટોપ અધિકારી એકબીજાની સામે આક્ષેપ પ્રતિઆક્ષેપ કર્યા બાદ કાર્યવાહી કરવા લાગ્યા છે તેનાથી ખોટા સંદેશા જઈ રહ્યા છે. સીબીઆઈના સ્પેશિયલ ડિરેકટર રાકેશ અસ્થાનાની સામે જે રીતે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે તેનાથી સરકાર પર ચોંકી ઉઠી છે. નવા કાયદા બાદ

● અનુસંધાન પાન-૭ પર

## ભ્રષ્ટાચાર કેસમાં ડીએસપી દેવેન્દ્રકુમારની ધરપકડ

**રાકેશ અસ્થાના સામે લાંચના મામલે ધરપકડ : અસ્થાનાની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ હવે દેવેન્દ્રકુમારની ધરપકડ બાદ ઉંડી તપાસનો દોર**

નવી દિલ્હી, તા. ૨૨

સીબીઆઈએ ડીએસપી દેવેન્દ્રકુમારની ધરપકડ કરી લીધઈ છે. અધિકારીઓએ કહ્યું છે કે સ્પેશિયલ ડિરેકટર રાકેશ અસ્થાનાની સામે લાંચ રૂશ્વતના મામલામાં તેમની ધરપકડ કરવામાં આવી છે. સીબીઆઈ ભ્રષ્ટાચાર મામલામાં ડીએસપી દેવેન્દ્રકુમારની ધરપકડ કરવામાં આવતા આ કેસમાં એક નવો વળાંક આવ્યો છે. રવિવારના દિવસે તપાસ સંસ્થાએ પોતાના બે નંબરના અધિકારી સ્પેશિયલ ડિરેકટર રાકેશ અસ્થાનાની સામે એફઆઈઆર દાખલ કરી હતી. સીબીઆઈએ અસ્થાનાની સાથે પોતાની એસઆઈટીના ડેપ્યુટી એસપી ઉપરાંત કેટલાકની સામે ભ્રષ્ટાચારની જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કર્યો હતો. સીબીઆઈએ અસ્થાના પર દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં માંસ કારોબારી મોઈન કુરેશી પાસેથી ત્રણ કરોડ રૂપિયા લાંચ લેવાનો આક્ષેપ કર્યો હતો.

## સીબીઆઈ ડિરેકટર પર ફસાવવાનો રાકેશ અસ્થાનાનો ગંભીર આક્ષેપ

**સેન્ટ્રલ વિજિલન્સ કમિશનને અસ્થાનાનો પત્ર અસ્થાના પર 3 કરોડની લાંચ લેવા મામલે આક્ષેપબાજી**

નવી દિલ્હી,તા. ૨૨

સીબીઆઈના નંબર-૨ સ્પેશિયલ ડિરેકટર રાકેશ અસ્થાના પર ત્રણ કરોડ રૂપિયાની લાંચ



લેવાના આરોપમાં એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ ભારે ખળભળાટ મચેલો છે. એફઆઈઆર દાખલ કરવામાં આવેલ તે પહેલા જ અસ્થાનાએ સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી)ને પત્ર લખીને સીબીઆઈ ડિરેકટર પર ફસાવી દેવાના કાવતરા ઘટડવાનો આક્ષેપ કરતા ચકચાર મચી ગઈ છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે સીબીઆઈ ડિરેકટર આલોક વર્માએ એન્ટીકરપ્શન બ્રાંચના દાખલ કરવામાં આવેલા કેસમાં તેમને ફસાવવા માટે જાણી જોઈને એવા અધિકારીની નિમણૂંક કરી છે જેમની છાપ પણ બેદાગ રહી નથી. અસ્થાનાએ લખ્યું છે કે સીબીઆઈ ચીફ તેમને ફસાવી રહ્યા છે. અસ્થાનાએ એવો આક્ષેપ પણ કર્યો છે કે તપાસ ટીમમાં અજય બસ્સીને કાવતરાના ભાગરૂપે સામેલ કરવામાં આવ્યા છે. પત્રમાં બસ્સીના સંદર્ભમાં અસ્થાનેએ લખ્યું છે કે તેમની છાપ શંકાસ્પદ છે અને તેઓ નિયમો તોડવા માટે કુખ્યાત રહ્યા છે. ૧૫મી ઓકટોબરના દિવસે સીબીઆઈના સ્પેશિયલ

● અનુસંધાન પાન-૭ પર

## ૯ ફોન કોલ, મેસેજથી અસ્થાના ફસાઈ ગયા



નવી દિલ્હી, તા. ૨૨

સીબીઆઈના ટોપ અધિકારી રાકેશ અસ્થાના પર ત્રણ કરોડ રૂપિયાની લાંચના આરોપથી ભારે ખળભળાટ મચી ગયો છે. અસ્થાના પર આ કેસમાં એફઆઈઆર પણ દાખલ થઈ ચુકી છે. સીબીઆઈએ એફઆઈઆર પહેલા નવ ફોન કોલ રેકોર્ડ કર્યા હતા અને દાવો કર્યો હતો કે વચેટીયા મનોજ પ્રસાદની ધરપકડ બાદ દહેશતમાં તેમના ભાઈએ અનેક ફોન કોલ કર્યા હતા. તપાસ સંસ્થાનો દાવો છે કે રાકેશ અસ્થાના અને વચેટીયાઓ વચ્ચે નવ ફોન કોલ અને વોટ્સએપ મેસેજથી વાતચીત થઈ હતી. મનોજ પ્રસાદની ૧૬મી ઓકટોબરના દિવસે ધરપકડ થયા બાદ તેમના ભાઈ સોમેશ પ્રસાદની પરેશાની વધી ગઈ હતી અને અસ્થાના સાથે સતત ફોન કોલ પર સંપર્કમાં રહી રહ્યો હતો. ધરપકડના અહેવાલના મિનિટો બાદ જ એક ફોન કોલ અસ્થાનાને કર્યો હતો. ત્યારબાદ અધિકારીઓએ પણ એક ફોન કોલ સોમેશને થોડાક સમયમાં કર્યો હતો. બિઝનેસમેન સતિષ સનાએ આક્ષેપ કર્યો છે કે મનોજ પ્રસાદને પાંચ કરોડ રૂપિયા લાંચ આપવા માટે કહેવામાં આવ્યું હતું. પ્રસાદે વચન આપ્યું હતું કે પૈસા આપી દેવામાં આવ્યા બાદ વારંવાર મળનાર સમન્સમાંથી પીછો છૂટી જશે અને કેસમાં ક્લિનચિટ પણ મળી જશે.

## ઈન્કમટેક્ષ રિટર્ન ભરનારની સંખ્યા ચાર વર્ષમાં ૮૦ ટકા વધી

નવી દિલ્હી, તા. ૨૨

એક કરોડ રૂપિયાથી વધારાની આવક દર્શાવનાર કરદાતાની સંખ્યા છેલ્લા ચાર વર્ષમાં ૬૦ ટકા વધીને ૧.૪૦ લાખ થઈ ગઈ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેટેક્સ (સીબીડીટી) દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ અવધિમાં ઈન્ટેમટેક્સ રિટર્ન દાખલ કરનારની સંખ્યામાં પણ ૮૦ ટકાનો વધારો થઈ ચુક્યો છે. સીબીડીટીના ચેરમેન સુશિલચંદ્રાએ કહ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ગાળા દરમિયાન ડાયરેટેક્સ જીડીપી ૫.૯ ટકા રહ્યો છે જે ૧૦ વર્ષમાં સૌથી શ્રેષ્ઠ છે. છેલ્લા ચાર વર્ષમાં જીએસટી રિટર્ન દાખલ કરનારની સંખ્યા ૮૦ ટકા વધી ગઈ છે. વર્ષ ૨૦૧૩-૧૪માં આ સંખ્યા ૩.૭૯ કરોડ હતી જે વધીને ૨૦૧૭-૧૮માં ૬.૮૫ કરોડ થઈ ગઈ છે. સીબીડીટી તરફી કહેવામાં આવ્યું છે કે એક કરોડથી વધારેની આવક વાળા વ્યક્તિગત કરદાતાઓની સંખ્યામાં ૬૮ ટકાનો વધારો થયો છે. એક કરોડથી વધારાની આવક દર્શાવનાર કરદાતાની સંખ્યામાં પણ વધારો થયો છે. જેમાં કોર્પોરેટ, કંપનીઓ, અવિભાજિત પરિવારોનો સમાવેશ થાય છે. સીબીડીટીનું કહેવું છે કે મૂલ્યાંકન વર્ષ ૨૦૧૪-૧૫માં ૮૮૬૪૯ લોકોએ પોતાની આવક એક કરોડથી વધારાની જાહેર કરી હતી. જ્યારે મૂલ્યાંકન વર્ષ ૨૦૧૭-૧૮માં તેમની સંખ્યા વધીને એક લાખ ૪૦ હજાર ૧૩૯ થઈ ગઈ છે. આ રીતે કરોડપતિ કરદાતાઓની સંખ્યામાં ૬૦ ટકાનો વધારો થયો છે. આવી જ રીતે મૂલ્યાંકન વર્ષ ૨૦૧૪-૧૫ થી મૂલ્યાંકન વર્ષ ૨૦૧૭-૧૮ની વચ્ચે એક કરોડ રૂપિયાથી વધુની આવક વાળા વ્યક્તિગત કરદાતાની સંખ્યા પણ ૪૮ હજાર ૪૧૬થી વધીને ૮૧ હજાર ૩૪૪ થઈ ગઈ છે. એટલે કે છેલ્લા ચાર વર્ષમાં તેમની સંખ્યમાં ૬૮ ટકાનો વધારો નોંધાયો છે. સીબીડીટીના ચેરમેન સુશિલચંદ્રાએ કરોડપતિ કરદાતાઓની સંખ્યામાં આ વધારાની ક્રેડિટ ઈન્કમટેક્સ વિભાગના જુદા જુદા વિભાગોમાં અધિકારીઓને આપી છે.

આ સંખ્યા ઈન્કમટેક્સ વિભાગ તરફથી છેલ્લા ચાર વર્ષના ગાળા દરમિયાન કાયદામાં સુધારા, સૂચનામાં ફેલવા અને કઠોર રીતે કાનૂન લાગુ કરવાના પરિણામ સ્વરૂપે વધારો થયો છે. સીબીડીટીએ એમ પણ કહ્યું છે કે છેલ્લા ચાર વર્ષના ગાળા દરમિયાન ફાઈલ કરવામાં આવેલા આઈટીઆર રિટર્નમાં ૮૦ ટકાનો વધારો થઈ ચુક્યો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ૩.૭૯ કરોડથી વધીને આ સંખ્યા વર્ષ ૨૦૧૭-૧૮માં ૬.૮૫ કરોડ થઈ ગઈ છે.

# કાશ્મીરમાં સ્થિતિ પુનઃ વણસી

શ્રીનગર,તા. ૨૨

જમ્મુ-કાશ્મીરમાં ફરી એકવાર સ્થિતિ વણસી રહી છે. કાશ્મીર ખીણમાં રવિવારના દિવસે આતંકવાદીઓ હુમલા કરવાના પ્રયાસમાં છે જ્યારે બીજી બાજુ ઘુસણખોરીના પ્રયાસ પણ વધી ગયા છે. આવી સ્થિતિમાં સુરક્ષા દળો સામે ત્રાસવાદીઓ માર્યા ગયા છે. રવિવારના દિવસે થયેલ આ તમામ ઘટના બાદ કાશ્મીર ખીણમાં વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. તમામ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામા આવી છે.જમ્મુ કાશ્મીરના સુંદરબની સેક્ટરમાં ઘુસણખોરી કરતા બે પાકિસ્તાની ઘુસણખોરો ઠાર થયા હતા. આ કાર્યવાહીમાં ત્રણ ભારતીય જવાનો પણ શહીદ થયા હતા. એક અન્ય જવાનને ઈજા પણ થઈ હતી.

**ત્રાસવાદી હુમલાનો ભય : એક જ દિવસમાં ૧૬થી વધુના મોત બાદ સુરક્ષા સંસ્થાઓ એલર્ટ : કાશ્મીર ખીણની અંદર સક્રિય આતંકવાદીઓ હુમલાઓ કરવાની ફિરાકમાં સરહદ ઉપર પણ ઘુસણખોરીના પ્રયાસ : સુરક્ષા સંસ્થાઓ સામે નવા પડકારો**

જુદી જુદી ઘટનાઓમાં ૧૭થી પણ વધુ લોકોના મોત થઈ ગયા બાદ સ્થિતિ હજુ ખરાબ થવાની દહેશત દેખાઈ રહી છે. સ્થિતિને ધ્યાનમાં લઈને સુરક્ષા સંસ્થાઓએ તમામ જિલ્લાઓમાં સેના, સીઆરપીએફ, જમ્મુ-કાશ્મીર પોલીસના જવાનોને એલર્ટ ઉપર મુકી દીધા છે. સાથે સાથે મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરી દેવામાં આવી છે. એકબાજુ કાશ્મીર ખીણની અંદર સક્રિય બેવડા મોરચે મોટા પડકાર ઉભા થઈ ગયા છે. જમ્મુ કાશ્મીરમાં એક જ દિવસમાં અલગ અલગ ઘટનામાં કુલ ૧૬ લોકોના મોત થયા બાદ બાદ ફરી એકવાર વિસ્ફોટક સ્થિત ઉભી થઈ ગઈ છે. રક્તપાતનો દોર જારી રહ્યો છે. ત્રણ જુદી જુદી ઘટનામાં સાત સ્થાનિક નાગરિક, ચાર સુરક્ષા કર્મચારીઓના મોત થયા છે. આ ઉપરાંત રાજોરી અને કુલગામમાં બે જુદા જુદા ઓપરેશનમાં પાંચ







## સબરીમાલા મંદિરમાં પ્રવેશ કેસ મામલે રિવ્યુ-રિટ પિટિશન પર આજે સુનાવણી

નવી દિલ્હી,તા. ૨૨

સબરીમાલા મંદિરમાં તમામ વયની મહિલાઓને પ્રવેશની મંજુરી સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવી હોવા છતાં કોઈ મહિલા હજુ સુધી મંદિરમાં પ્રવેશ કરી શકી નથી. હિંસલ વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હવે નારાજ લોકોએ રિવ્યુ અને રિટ પિટિશન દાખલ કરી દીધી છે. આ તમામ અરજી પર મંગળવારના દિવસે સુનાવણી કરવામાં આવનાર છે. સુપ્રિમ કોર્ટે

● અનુસંધાન પાન-૭ પર







